©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LXVII ]     THURSDAY, 07th MAY, 2026/VAISHAKHA 17, 1948     [ Issue No. 19**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I


| Part | Description | Pages |
|---|---|---|
| **PART - I** | Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appointments etc., | 293-312 |
| **PART - I - A** | Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil |
| **PART - I - B** | (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - II** | Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 4111-4352 |
| **PART - III** | Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

## NOTIFICATION

### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

**પોલીસ કમિશ્નર દ્વારા**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનો**

**હુકમ**

ક્રમાંક : રાજ/સીપી/એલ.બી.-૧/સ્થા-સ્વ-સંસ્થા-સા-ચું/જાહેરનામું/૩૫૪/૨૦૨૬.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા. ૦૧-૦૪-૨૦૨૬ના પરિપત્ર ક્રમાંક : ઈએલસી-સી.ઓ.સી-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯/૨૦૨૬ થી રાજ્યની ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો તથા ૨૬૦ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તેમજ ૧૧ નગરપાલિકાઓની પ્રસંગોપાત ખાલી પડેલ ૧૩ બેઠકોની પેટા ચુંટણીઓ-૨૦૨૬ અંતર્ગત ચુંટણી આચાર સંહિતા બહાર પાડવામાં આવેલ છે. રાજય ચુંટણી આયોગ ગાંધીનગર નાઓના પરીપત્ર મુજબ મતદાન યોજવા માટેની તા. ૨૬-૦૪-૨૦૨૬ અને મત ગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ ના રોજ ઠરાવવામાં આવેલ છે. ગુજરાત રાજય ચૂંટણી આયોગ તરફથી આ ચૂંટણી દરમ્યાન રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તાર હેઠળના જે વિસ્તારમાં આદર્શ આચારસંહિતા લાગુ પડે ડેલ છે તે વિસ્તારમાં તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત ભય મુક્ત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતિમય વાતાવરણમાં કોઈ વિક્ષેપો ઉભા થાય નહિ અને જાહેર સુલેહ શાંતિ યોગ્ય રીતે જળવાઈ રહે અને મુક્ત ન્યાયી રીતે ચુંટણી પ્રક્રિયા સંપન્ન થાય તે હેતુથી રાજય ચુંટણી પંચે વિવિધ ઉપાયાત્મક પગલાઓ લેવા સુચન કરેલ છે.

ચૂંટણી સમય દરમ્યાન હિંસક બનાવો ન બને કાયદો અને વ્યવસ્થાને બગાડતા કૃત્યોમાં હથિયારોનો ઉપયોગ થાય તેવી શકયતા રહેલી હોય જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન હથિયારોનો ઉપયોગ ગેરકાયદેસર રીતે થઈ ન શકે તે માટે રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તાર હેઠળના જે વિસ્તારમાં આદર્શ આચારસંહિતા લાગુ પડલે છે તે વિસ્તારમાં હથીયારો સાથે હરવા ફરવા પર પ્રતિબંધ મુકવાનું મને જરૂરી જણાય છે. ઉકત વિસ્તારમાં બહારથી જે લોકોએ હથીયાર પરવાના મેળવેલ હોય તેવા હથીયારનો ઉપયોગ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન તેઓ ઉકત જણાવેલ વિસ્તારમાં ન કરી શકે તે માટે જાહેરમાં પ્રદર્શિત કરવા તેમજ હેરાફેરી કરવા પર પ્રતિબંધ તાત્કાલીક મુકવો જરૂરી જણાય છે.

૨/- સબબ હું, બ્રજેશ કુમાર ઝા, પોલીસ કમિશનર, રાજકોટ શહેર, રાજકોટ, આગામી રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તાર હેઠળના જે વિસ્તારમાં આદર્શ આચારસંહિતા લાગુ પડેલ છે તે વિસ્તારમાં ચૂંટણી અનુલક્ષીને જાહેરશાંતિ અને સલામતીના હિતમાં રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તાર હેઠળના જે વિસ્તારમાં આદર્શ આચારસંહિતા લાગુ પડેલ છે તે વિસ્તારમાં રહેતા દરેક જાતના હથિયારોના પરવાનેદારોને આદેશ કરૂ છું કે, તેઓએ તેમની પાસેના પરવાનાવાળા દરેક પ્રકારના હથિયારો જે તે લાગતા વળગતા પોલીસ સ્ટેશનમાં અનામત જમા કરાવી દેવા અને સંબંધકર્તા તમામ પોલીસ સ્ટેશનોએ તેમના પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્ર હેઠળ જે વિસ્તારમાં આદર્શ આચારસંહિતા લાગુ પડેલ છે તે વિસ્તારમાં રહેતાં પરવાનેદારોના હથિયાર જમા કરાવવામાં આવે તે માટેના પગલા લેવા તેમજ આ પ્રકારે તમામ હથીયારો જમા થઈ ગયાં અંગેની જાણ અત્રેની કચેરીને કરવા આદેશ કરૂં છું.

૩/- ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવાની તા. ૦૭-૦૫-૨૦૨૬ સુધી રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તાર હેઠળના જે વિસ્તારમાં આદર્શ આચારસંહિતા લાગુ પડેલ છે તે વિસ્તારમાં કોઈપણ સક્ષમ અધિકારીએ આપેલ પરવાનાવાળા હથીયારો જાહેરમાં પ્રદર્શિત તેમજ હેરાફેરી કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

૪/- આ આદેશ પોલીસ કમિશનર, રાજકોટ શહેર તરફથી ઈસ્યુ કરાયેલ લાયસન્સો સિવાય બીજા પણ દરેક હથિયાર પરવાનેદારો કે જેઓએ બીજા કોઈપણ હથિયાર લાયસન્સ આપનાર સત્તાધિશ તરફથી હથિયાર લાયસન્સ મેળવેલ હોય તેમને પણ લાગુ પડશે. તેમજ આ આદેશ રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તાર હેઠળના જે વિસ્તારમાં આદર્શ આચારસંહિતા લાગુ પડેલ છે તે વિસ્તાર તથા તે વિસ્તારની મુલાકાતે આવેલ તમામ હથિયાર પરવાના ધારકોને લાગુ પડશે. તેમજ હથિયાર ખરીદ-વેચાણ કરતા પરવાનેદારો રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તાર હેઠળના જે વિસ્તારમાં આદર્શ આચારસંહિતા લાગુ પડેલ છે તે વિસ્તારમાં હથિયાર ખરીદ-વેચાણ આ સમયગાળા દરમ્યાન કરશે તો પણ હથિયારની સોંપણી આ જાહેરનામાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થતા સુધી પરવાના ધારકોને કરી શકશે નહીં. તેમજ સંબંધિત પોલીસ સ્ટેશને જે તે પરવાનેદારશ્રીને તેમનું અનામત જમા લીધેલ હથિયાર તા. ૦૭-૦૫-૨૦૨૬ પછી પરત કરવાનું રહેશે અને તેના માટે કોઈપણ અલગ હુકમની જરૂરીયાત રહેશે નહીં.

૫/- આ આદેશમાંથી નીચે જણાવ્યા મુજબના હથિયાર પરવાનેદારશ્રીઓને મુકિત આપવામાં આવે છે.

(અ) રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તાર હેઠળના જે વિસ્તારમાં આદર્શ આચારસંહિતા લાગુ પડેલ છે તે વિસ્તારમાં આવેલ સરકારી, અર્ધ સરકારી સંસ્થાઓ (બેંક, કોર્પોરેશન સહીત) સ્થાનીક સ્વરાજ્યની સંસ્થાઓના નામે જે હથિયાર પરવાનો ધરાવતાં હોય તથા જે રાજ્ય, રાષ્ટ્રીય કે આંતર રાષ્ટ્રીય લેવલની શુટીંગ સ્પર્ધામાં ભાગ-લેનાર સ્પોર્ટસ પર્સન છે તેમને તેમના પરવાનાવાળા હથિયારો જમા કરાવવામાંથી મુક્તિ આપવામાં આવે છે. પરંતુ જે તે વ્યક્તિના વ્યક્તિગત નામે ઈસ્યુ થયેલ પરવાનેદાર હથિયાર ધારકોને ઉક્ત આદેશમાંથી મુકિત મળશે નહી.

(બ) માન્યતા ધરાવતી સિકયુરીટી એજન્સીઓના ગનમેન, કે જેઓ રાષ્ટ્રીયકૃત, સહકારી કે કોમર્શીયલ બેન્કો, એ.ટી.એમ. તથા કરન્સી ચેસ્ટની લેવડ-દેવડ કરતાં હોય તેવા હથિયારધારી સિકયુરીટી ગાર્ડને તેમના હથિયાર જમા કરાવવામાંથી મુકિત આપવામાં આવે છે. આવા સિકયુરીટી ગાર્ડ તેઓ જે તે બેન્કમાં સિકયુરીટી ગાર્ડ

તરીકે ફરજ બજાવતાં હોવાનું સંબંધિત બેંક મેનેજરનું પ્રમાણપત્ર તેઓના ફોટોગ્રાફ સાથેનું પોતાની પાસે રાખવાનું રહેશે તેમજ જે તે સંબંધિત બેંકના મેનેજરશ્રીએ આવા સિક્યુરીટીગાર્ડની વિગતવારની માહિતીની જાણ જે તે સંબંધિત પો.સ્ટેને કરવાની રહેશે અને સંબંધિત પો.સ્ટેએ આ અંગે નિયમાનુસારની ચકાસણી કરી લેવાની રહેશે.

(ક) કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારના અધિકારીઓ/કર્મચારીઓ, કે જેઓને કાયદા મુજબ હથિયાર ધારણ કરવાની મંજુરી આપેલ છે અને ચૂંટણીની ફરજ ઉપર હોય તેમને લાગુ પડશે નહી.

(ડ) પોલીસ કમિશનરશ્રી તથા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, રાજકોટનાઓએ ખાસ પરવાનગી આપેલ હોય તેમને લાગુ પડશે નહી.

જે હથિયાર પરવાનાઓ રીન્યુઅલ અર્થે અત્રેની કચેરી ખાતે અથવા અન્ય સત્તાધિકારીશ્રીની કચેરી ખાતે જમા હોય તેવા હથિયાર પરવાનાની ઝેરોક્ષ નકલ, રીન્યુ ફી ભર્યા અંગેના ચલણની નકલની ખરાઈ કરી જમા લેવાના રહેશે.

૬/-આ આદેશનું પાલન નહી કરનાર શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૨૫ હેઠળ સજાને પાત્ર ઠરે છે. તેમજ ભારતીય ન્યાય સંહિતા કલમ-૨૨૩ મુજબ પણ પગલા લેવામાં આવશે જેની નોંધ લેવી.

૭/-આ આદેશની પ્રસિધ્ધી વર્તમાનપત્રો દ્વારા તેમજ જાહેર નોટિસ બોર્ડ ઉપર ચોંટાડી કરવાની રહેશે.

૮/-આજરોજ તા. ૦૩-૦૪-૨૦૨૬ ના રોજ આ આદેશ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

રાજકોટ, ૦૩ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

## ૪૮ કલાક અંગેનું જાહેરનામું

### ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

### હુકમ

ક્રમાંક : એસબી/જાહેરનામું/૨૧/૨૦૨૬.-રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા. ૦૧-૦૪-૨૦૨૬ ની અખબાર યાદી ક્રમાંક : ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૪૨૦/ક-૯૬૪૭ થી ૯૭૬૧ થી રાજયની ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો તથા ૨૬૦ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તેમજ ૧૧ નગરપાલિકાઓ પ્રસંગોપાત ખાલી પડેલ ૧૩ બેઠકોની પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે. તથા રાજ્ય ચૂંટણી આયોગના તા. ૦૧-૦૪-૨૦૨૬ના પરિપત્ર ક્રમાંક : ઈએલસી-સીઓસી-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯ થી ચૂંટણી જાહેર થયેલ વિસ્તારમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. જે મુજબ શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/વહીવટી તંત્ર દ્વારા/કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે સંબંધિતોએ રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : ઈએલસી-સીઓસી-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯ તા. ૦૧-૦૪-૨૦૨૬ મુજબ આદર્શ આચારસંહિતાનો અમલ કરવાનો થાય છે.

ભારતના ચુંટણી આયોગના આદેશ ક્રમાંક : ૪૬૪/આઈએનસીટી/૦૧ પી.એલ.એન.-૧/૪૮૩/૫૧૭/(સી.ઈ.ઓ.) તા. ૦૮-૦૧-૦૧ ના પેરા નં. ૨ માં આપેલ સુચના અનુસાર, મતદાન પુરૂ થવા માટે નિયત સમય સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળામાં ચુંટણી પ્રચાર બંધ કરવા ઠરાવેલ છે. વધુમાં ઉમેદવારો તેમના ચુંટણી મતવિસ્તાર બહારના સમર્થકોને ચુંટણી પ્રચાર માટે એકત્ર કરી કામે લગાડે છે. પરંતુ પ્રચારનો સમયગાળો પુરો થયા પછી મતદાર વિભાગમાં ચુંટણી ચુંટણી પ્રચાર થઈ શકે નહીં એ હકીકતને ધ્યાનમાં લેતા રાજકીય પદાધિકારીઓ/પક્ષના કાર્યકરો/સરઘસ કાઢનારાઓ/ચુંટણી પ્રચારકો વિગેરે કે જેઓને મતદાર વિભાગની બહારથી લાવવામાં આવ્યા હોય અને જેઓ મતદાર વિભાગના મતદારો ન હોય, તેઓએ ચુંટણી પ્રચારના અંત પછી મતદાર વિભાગમાં હાજર રહે તો ચુંટણી ન્યાયી અને મુકત રીતે થવા ઉપર અસર પડે છે. જેથી કાયદો અને વ્યવસ્થા જોખમાય છે.

વાસ્તે હું બ્રજેશ કુમાર ઝા, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ઉકત જાહેર કરવામાં આવેલ ચૂંટણી હેઠળના રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં,

(૧) મતદાન પુરૂ થવા માટે નિયત થયેલ સમય સાથે પુરા થતા ૪૮ કલાકના સમયમાં ચુંટણી પ્રચાર કરવા ઉપર

(૨) પ્રચારનો સમયગાળો પુરો થયા પછી રાજકીય પદાધિકારીઓ/પક્ષના કાર્યકરો/સરઘસ કાઢનારાઓ/ચુંટણી પ્રચારકો વિગેરે કે જેઓને મતદાર વિભાગની બહારથી લાવવામાં આવ્યા હોય અને જેઓ તે મતદાર વિભાગના મતદારો ન હોય, તેઓએ ચુંટણી પ્રચારના અંત પછી મતદાર વિભાગમાં હાજર રહેવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

**: પરંતુક :**

(૧) ચુંટણી પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ શરૂ થયા બાદ એટલે કે મતદાન પુરૂ થવાના કલાક સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન ચૂંટણી પ્રચાર માટે ઘેર ઘેર મુલાકાત લેતી વખતે એક સાથે વધુમાં વધુ પાંચ વ્યકિત જઈ શકશે.

(૨) ચુંટણી પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ શરૂ થયા બાદ એટલે કે મતદાન પુરૂ થવાના કલાક સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન ચુંટણી પ્રચાર પક્ષના કાર્યકરો/નેતાઓ જેના પર પક્ષનું પ્રતિક હોય તેવી ટોપી/મફલર પહેરી શકશે પરંતુ બેનર પ્રદર્શિત કરી શકશે નહી.

(૩) ચુંટણી પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ શરૂ થયા બાદ એટલે કે મતદાન પુરૂ થવાના કલાક સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૨૬ હેઠળ પ્રતિબંધીત ચુંટણી પ્રચારમાં સામેલ ન થવાની શરતે સંસદ સભ્યો અને ધારા સભ્યો તેઓ જે મત વિભાગમાંથી ચુંટાયેલ હોય તે મત વિભગામાં રોકાઈ શકશે.

**: શિક્ષા :**

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે રાજકોટ કમિશ્નરેટ વિસ્તારમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**: અમલવારીનો વિસ્તાર અને સમયગાળો :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારમાં આ હુકમ તા. ૨૪-૦૪-૨૦૨૬ ના રોજ સાંજે ૧૮-૦૦ કલાક થી તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ સાંજે ૧૮-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તેમજ રાજકોટ શહેરના પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરાવવી.

આજ રોજ તા. ૦૭-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૦૭ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

## ૧૦૦ મીટર મતદાન મથક જાહેરનામું

### ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

### હુકમ

ક્રમાંક : એસબી/જાહેરનામું/૨૨/૨૦૨૬.-રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા. ૦૧-૦૪-૨૦૨૬ ની અખબાર યાદી ક્રમાંક : ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૪૨૦/ક-૯૬૪૭ થી ૯૭૬૧ થી રાજયની ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો તથા ૨૬૦ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તેમજ ૧૧ નગરપાલિકાઓ પ્રસંગોપાત ખાલી પડેલ ૧૩ બેઠકોની પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે. તથા રાજ્ય ચૂંટણી આયોગના તા. ૦૧-૦૪-૨૦૨૬ના પરિપત્ર ક્રમાંક : ઈએલસી-સીઓસી-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯ થી ચૂંટણી જાહેર થયેલ વિસ્તારમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. જે મુજબ શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/વહીવટી તંત્ર દ્વારા/કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે સંબંધિતોએ રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : ઈએલસી-સીઓસી-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯ તા. ૦૧-૦૪-૨૦૨૬ મુજબ આદર્શ આચારસંહિતાનો અમલ કરવાનો થાય છે.

મતદાન મથકે મતદારો શાંતિથી તેમના મત નોંધાવી શકે તે માટે મતદાન મથકની અંદર તથા મતદાન મથકથી ૧૦૦ મીટરના અંતરમાં આવેલ કોઈપણ વ્યકિતએ નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું બ્રજેશ કુમાર ઝા (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, ઉકત જાહેર કરવામાં આવેલ ચૂંટણી હેઠળના રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ મતદાનના દિવસે મતદાન મથકની અંદર તથા મતદાન મથકથી ૧૦૦ મીટરના અંતરમાં આવેલ વિસ્તારમાં કોઈપણ રાજકીય પક્ષ, ઉમેદવાર, તેના ચૂંટણી એજન્ટ, કાર્યકરો કે સમર્થકોએ કે અન્ય કોઈ વ્યકિતને નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું,

(૧) મત માટે પ્રચાર કરવો.

(૨) મતદારોને ધાક-ધમકી આપીને કે રંજાડીને મતદાન કરવા જતાં અટકાવવા.

(૩) કોઈ મતદારોને મત આપવા આગ્રહ પૂર્વક વિનંતી કરવી.

(૪) અમુક ઉમેદવારોને મત આપવા માટે મતદારને સમજાવવા.

(૫) કોઈ મતદારને મત ન આપવા સમજાવવા.

(૬) ચૂંટણીને લગતી (સરકારી નોટિસ સીવાયની) કોઈ નોટિસ કે નિશાની પ્રદર્શીત કરવી.

(૭) સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, પેજર, વાયરલેસ સેટ અને અન્ય વિજાણું સંદેશા વ્યવહારના સાધનો લઈ જવાની.

(૮) વાહનો સાથે આવવું (પરંતુકઃ અપંગ/અશકત વ્યકિતઓને લાગુ પડશે નહી.)

(૯) મતદાર મથકમાં મતદાન માટે આવેલ મતદાર, ઉમેદવાર તથા ચૂંટણી પંચે અધિકૃત કરેલ વ્યકિત સિવાયની વ્યકિતએ પ્રવેશ કરવો.

**: શિક્ષા :**

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે રાજકોટ કમિશ્નરેટ વિસ્તારમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**: અમલવારીનો વિસ્તાર અને સમયગાળો :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારમાં આ હુકમ જાહેરનામાની તારીખથી તા. ૨૮-૦૪-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તેમજ રાજકોટ શહેરના પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરાવવી.

આજ રોજ તા. ૦૭-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૦૭ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

## ૨૦૦ મીટર મતદાન મથક જાહેરનામું

### ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

### હુકમ

ક્રમાંક : એસબી/જાહેરનામું/૨૩/૨૦૨૬.-રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા. ૦૧-૦૪-૨૦૨૬ ની અખબાર યાદી ક્રમાંક :

ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૪૨૦/ક-૯૬૪૭ થી ૯૭૬૧ થી રાજયની ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો તથા ૨૬૦ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તેમજ ૧૧ નગરપાલિકાઓ પ્રસંગોપાત ખાલી પડેલ ૧૩ બેઠકોની પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે. તથા રાજ્ય ચૂંટણી આયોગના તા. ૦૧-૦૪-૨૦૨૬ના પરિપત્ર ક્રમાંક : ઈએલસી-સીઓસી-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯ થી ચૂંટણી જાહેર થયેલ વિસ્તારમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. જે મુજબ શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/વહીવટી તંત્ર દ્વારા/કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે સંબંધિતોએ રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : ઈએલસી-સીઓસી-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯ તા. ૦૧-૦૪-૨૦૨૬ મુજબ આદર્શ આચારસંહિતાનો અમલ કરવાનો થાય છે.

મતદાન મથકે મતદારો શાંતિથી તેમના મત નોંધાવી શકે તે માટે મતદાન મથકની અંદર તથા મતદાન મથકથી ૨૦૦ મીટરના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ભારતના ચૂંટણી આયોગના પત્ર ક્રમાંક : ૪૬૪/આઈએનએસટી/૦૧/પીએલએન/૧, તા. ૧૨-૦૧-૨૦૦૧ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજયના પત્ર ક્રમાંક : ઈએલસી/૧૦૦૧-૪૮(૨)-છ, તા. ૨૩-૦૧-૨૦૦૧ થી સુચનાઓ થઈ આવેલ છે. જેનો અમલ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે હું બ્રજેશ કુમાર ઝા (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, ઉકત જાહેર કરવામાં આવેલ ચૂંટણી હેઠળના રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં આવેલ દરેક મતદાન મથક/મથકોએ મતદાનના દિવસે કોઈપણ રજાકીય પક્ષ, ઉમેદવાર, તેના ચૂંટણી એજન્ટ, કાર્યકરો કે સમર્થકોએ કે અન્ય કોઈ વ્યકિતએ,

(૧) કોઈપણ મતદાન મથકથી ૨૦૦ મીટરની હદમાં મતદારોને મતદાર યાદીનો ક્રમ નંબર કાઢી આપવા કે કાપલી લખી આપવા માટે તેમના કેમ્પ ઉભા કરવા નહિ કે તેવી કોશિષ કરવી નહીં.

(૨) મતદાન મથકે એક થી વધુ મતદાન મથકો હોય તેમ છતાં દરેક ઉમેદવાર દીઠ ૨૦૦ મીટરની હદ બહાર ફકત ૧(એક) કેમ્પ જેમાં ૧(એક) ટેબલ અને બે ખુરશી અને છાંયડા માટે છત્રી કે તાડપત્રી કે કંતાનથી (ઢાંકેલું) બનાવવાનું રહેશે. બુથને ચારે બાજુ કંતાન વડે બંધ કરી શકાશે નહિ.

(૩) જે ઉમેદવારને આવા કેમ્પ ઉભા કરવાની ઈચ્છા હશે તેઓએ સંબંધીત ચુંટણી અધિકારીને તે કયા કયા મતદાન મથકોએ આવા કેમ્પ ઉભા કરવા માંગે છે તેની યાદી આપી સ્થાનિક સત્તા મંડળ, (ગ્રામ પંચાયત/નગર પંચાયત/નગરપાલિકા/મહાનગરપાલીકા)ની લેખિત પરવાનગી મેળવવાની રહેશે.

(૪) આવા કેમ્પનો ઉપયોગ મતદારોને ઉમેદવારના નામ કે પ્રતિક કે પક્ષના નામ વગરની સફેદ કાગળ ઉપર ચુંટણી પંચે આપેલ સૂચનાં મુજબની કાપલી આપવા કરી શકાશે.

(૫) ઉમેદવારોના કેમ્પ સાદા હોવા જોઈએ. તેની ઉપર કોઈ પોસ્ટર, વાવટા, પ્રતીકો કે અન્ય પ્રચાર સામગ્રી પ્રદર્શીત કરી શકાશે નહિં. કેમ્પ ખાતે કોઈ ખાદ્ય સામગ્રી આપી શકાશે નહીં કે ટોળા ભેગાં કરી શકાશે નહિ.

(૬) આવા કેમ્પ ઉપર મતદારોના ટોળા એકત્ર થવા દેશે નહિ કે મતદાન કરી આવેલ મતદારને ઉભા રહેવા દેશે નહિ.

(૭) મતદારોને મતદાન મથકે પ્રવેશ કરવામાં અડચણ ઉભી થાય તેવું કોઈ કૃત્ય થવા દેશે નહિ.

(૮) ૧૦૦ મીટરની હદમાં સેલ્યુલર ફોન્સ, કોર્ડલેસ ફોન્સ, વાયરલેસ સેટસ લઈ પ્રવેશ કરી શકાશે નહિ.

**: શિક્ષા :**

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે રાજકોટ કમિશ્નરેટ વિસ્તારમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**: અમલવારીનો વિસ્તાર અને સમયગાળો :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારમાં આ હુકમ જાહેરનામાની તારીખથી તા. ૨૮-૦૪-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તેમજ રાજકોટ શહેરના પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરાવવી.

આજ રોજ તા. ૦૭-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૦૭ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

## ઉમેદવારી ફોર્મ અંગેનુ જાહેરનામું

### ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

### હુકમ

ક્રમાંક : એસબી/જાહેરનામું/૨૪/૨૦૨૬.-રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા. ૦૧-૦૪-૨૦૨૬ ની અખબાર યાદી ક્રમાંક : ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૪૨૦/ક-૯૬૪૭ થી ૯૭૬૧ થી રાજયની ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો તથા ૨૬૦ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તેમજ ૧૧ નગરપાલિકાઓ પ્રસંગોપાત ખાલી પડેલ ૧૩ બેઠકોની પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે. તથા રાજ્ય ચૂંટણી આયોગના તા. ૦૧-૦૪-૨૦૨૬ના પરિપત્ર ક્રમાંક : ઈએલસી-સીઓસી-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯ થી ચૂંટણી જાહેર થયેલ વિસ્તારમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. જે મુજબ શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/વહીવટી તંત્ર દ્વારા/કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે સંબંધિતોએ રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : ઈએલસી-સીઓસી-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯ તા. ૦૧-૦૪-૨૦૨૬ મુજબ આદર્શ આચારસંહિતાનો અમલ કરવાનો થાય છે.

સદરહું ચૂંટણી કાર્યક્રમ મુજબ અત્રેના રાજકોટ શહેરમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ યોજાનાર છે અને તે મુજબ મતદાન તા. ૨૬-૦૪-૨૦૨૬ રવિવારના રોજ ક. ૦૭-૦૦ વાગ્યાથી સાંજના ૧૮-૦૦ વાગ્યા સુધી રાખવામાં આવેલ છે. તથા મતગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ નિયત થયેલ છે. જે સંદર્ભે મુકત અને ન્યાયી રીતે ચૂંટણી યોજાય તે માટે ચૂંટણી પ્રક્રીયા દરમિયાન સુલેહ, શાંતિ તથા કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે નીચે મુજબના પ્રતિબંધો મુકવા જરૂરી જણાય છે.

જે અંગે ઉમેદવારી પત્રો ભરવા માટે ઉમેદવારો તથા તેમના સમર્થકોને સંબંધિત ચૂંટણી અધિકારીઓ તથા મદદનીશ ચૂંટણી અધિકારીઓની કચેરીમાં જવાનું થશે. જે અંગે ભારતીય ચૂંટણી પંચના પત્ર નં. ૪૬૪/આઈએનએસટી/૨૦૦૧/પીએલએન-૧, તા. ૦૯-૦૨-૨૦૦૧ તથા પત્ર નં. : ૪૬૪/આઈએનએસટી/૨૦૦૯/ઈપીએસ, તા. ૧૫-૦૫-૨૦૦૯ થી ઉમેદવારી પત્ર ભરવા માટે આવતા તથા ચૂંટણી પ્રમાણપત્ર લેવા માટે આવતા લોકો તથા તેમના વાહનો પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

વાસ્તે હું બ્રજેશ કુમાર ઝા (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ઉકત જાહેર કરવામાં આવેલ ચૂંટણી હેઠળના રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં,

(૧) કોઈપણ ઉમેદવાર તેમના ઉમેદવારી પત્રો ભરવા માટે સંબંધિત ચૂંટણી અધિકારી અથવા મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં જાય ત્યારે તેમની કચેરીના ૧૦૦ મીટરના આસપાસના વિસ્તારમાં ત્રણ વાહનથી વધુ વાહનો સાથે જઈ શકશે નહી તેમજ સંબંધિત ચૂંટણી અધિકારી અથવા મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં ઉમેદવાર તથા તેમના વધુમાં વધુ ચાર સમર્થકો મળી કુલ-૫(પાંચ) વ્યકિતઓથી વધુ સંબંધિત અધિકારીની ચેમ્બરમાં જઈ શકશે નહી. વિજેતા ઉમેદવાર ચૂંટણી પ્રમાણપત્ર લેવા આવે ત્યારે પણ આ સૂચના લાગુ પડશે.

**: શિક્ષા :**

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે રાજકોટ કમિશ્નરેટ વિસ્તારમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**: અમલવારીનો વિસ્તાર અને સમયગાળો :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારમાં આ હુકમ જાહેરનામાની તારીખથી તા. ૨૮-૦૪-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તેમજ રાજકોટ શહેરના પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરાવવી.

આજ રોજ તા. ૦૭-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૦૭ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

## એસ.એમ.એસ અંગેનું જાહેરનામું

### ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

### હુકમ

ક્રમાંક : એસબી/જાહેરનામું/૨૫/૨૦૨૬.-રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા. ૦૧-૦૪-૨૦૨૬ ની અખબાર યાદી ક્રમાંક : ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૪૨૦/ક-૯૬૪૭ થી ૯૭૬૧ થી રાજયની ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો તથા ૨૬૦ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તેમજ ૧૧ નગરપાલિકાઓ પ્રસંગોપાત ખાલી પડેલ ૧૩ બેઠકોની પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે. તથા રાજ્ય ચૂંટણી આયોગના તા. ૦૧-૦૪-૨૦૨૬ના પરિપત્ર ક્રમાંક : ઈએલસી-સીઓસી-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯ થી ચૂંટણી જાહેર થયેલ વિસ્તારમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. જે મુજબ શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/ વહીવટી તંત્ર દ્વારા/કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે સંબંધિતોએ રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : ઈએલસી-સીઓસી-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯ તા. ૦૧-૦૪-૨૦૨૬ મુજબ આદર્શ આચારસંહિતાનો અમલ કરવાનો થાય છે.

ચુંટણીની સમગ્ર કાર્યવાહી દરમ્યાન ચુંટણી કાયદા, આચારસં હિતા અને ચુંટણી આયોગ નવી દિલ્હીની સુચનાઓનો બંગ કરતા શોર્ટ મેસેજ (SMS) પ્રસારિત થતા અટકાવવા મતદાન પુર્ણ થવાના કલાક સાથે પૂરા થતા ૪૮ કલાક દરમ્યાન રાજકીય પ્રકારના SMS મોકલવા પર પ્રતિબંધ મુકવા અંગે ભારતના ચુંટણી આયોગના પત્ર ક્રમાંક : ૪૬૪/આઈએનએસટી/૨૦૦૮/ઈપીએસ, તા. ૦૫-૧૧-૨૦૦૮ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજયના પત્ર ક્રમાંક : ઈએલસી-૧૦૦૧-૧૦૩૩૨-છ, તા. ૧૭-૧૧-૨૦૦૮ થી સુચનાઓ થઈ આવેલ છે. જેનો અમલ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે હું બ્રજેશ કુમાર ઝા (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, ઉકત જાહેર કરવામાં આવેલ ચૂંટણી હેઠળના વિસ્તારોમાં નીચે જણાવ્યા મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) મોબાઈલ સર્વિસ આપતી કંપનીઓ જેવી કે B.S.N.L., એરટેલ, વી.આઈ, રીલાયન્સ જીઓ, વિગેરે તેમજ ફેસબુક, ટવીટર, વોટસ એપ, વિગેરે જેવી સોશિયલ સાઈટ પુરી પાડતી કંપનીઓએ રાજકોટ પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં ચૂંટણી હેઠળના વિસ્તારોમાં પ્રસ્તાપિત કાયદાનો ભંગ થાય તેવા કે ચૂંટણીની આદર્શ આચારસંહિતાનો ભંગ થાય તેવા કે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા બહાર પાડવામાં આવેલ આદેશો/સુચનાઓનો ભંગ થાય તેવા કે મુકત, ન્યાયી અને શાંતીપુર્ણ ચૂંટણી પ્રક્રીયાને દુષીત કરે તેવા ગૃપ/બલ્ક SMS, MMS અન્ય કોઈપણ પ્રકારના સંદેશાઓ જાહેરનામુ પ્રસિધ્ધ થાય ત્યારથી તા. ૩૦-૦૪-૨૦૨૬ સુધી પ્રસારીત કરશે નહી કે કરવા દેશે નહી.

(૨) કોઈપણ રાજકીય પક્ષ, ઉમેદવાર, તેના ચુંટણી એજન્ટ, કાર્યકરો કે સમર્થકોએ અન્ય કોઈ વ્યકિતએ, મતદાન દિવસ તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલાથી એટલે કે, તા. ૨૪-૦૪-૨૦૨૬ના સાંજના ૦૬-૦૦ કલાક થી મતદાન પુર્ણ થાય ત્યાં સુધી રાજકીય પ્રકારના તમામ SMS મોકલવા પર આથી પ્રતિબંધ ફરમાવું છું.

**: અપવાદ :**

SVAP કાર્યક્રમ અંતર્ગત મતદારોને પ્રોત્સાહીત કરતા, ભારતના ચુંટણી આયોગના સક્ષમ સત્તાધિકારી દ્વારા કરવામાં આવતા SMS ને લાગુ પડશે નહી.

**: શિક્ષા :**

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ તેમજ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૩ હેઠળ શિક્ષાત્મક પોલીસ કાર્યવાહી કરવાને પાત્ર ઠરશે.

આ હુકમ અન્વયે રાજકોટ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**: અમલવારીનો વિસ્તાર અને સમયગાળો :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારમાં આ હુકમ જાહેરનામાની તારીખથી તા. ૩૦-૦૪-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તેમજ રાજકોટ શહેરના પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરાવવી.

આજ રોજ તા. ૦૭-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૦૭ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

## કટ આઉટ અંગેનું જાહેરનામું

### ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

## હુકમ

ક્રમાંક : એસબી/જાહેરનામું/૨૬/૨૦૨૬.-રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા. ૦૧-૦૪-૨૦૨૬ ની અખબાર યાદી ક્રમાંક : ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૪૨૦/ક-૯૬૪૭ થી ૯૭૬૧ થી રાજયની ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો તથા ૨૬૦ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તેમજ ૧૧ નગરપાલિકાઓ પ્રસંગોપાત ખાલી પડેલ ૧૩ બેઠકોની પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે. તથા રાજ્ય ચૂંટણી આયોગના તા. ૦૧-૦૪-૨૦૨૬ના પરિપત્ર ક્રમાંક : ઈએલસી-સીઓસી-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯ થી ચૂંટણી જાહેર થયેલ વિસ્તારમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. જે મુજબ શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/ વહીવટી તંત્ર દ્વારા/કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે સંબંધિતોએ રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : ઈએલસી-સીઓસી-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯ તા. ૦૧-૦૪-૨૦૨૬ મુજબ આદર્શ આચારસંહિતાનો અમલ કરવાનો થાય છે.

ભારતનાં ચુંટણી આયોગએ બંધારણની કલમ-૩૨૪ હેટળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક : ૩/૧૦/૨૦૦૧/જેએસ-૨, તા. ૨૩-૦૩-૨૦૦૧ મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાલ કટ આઉટ, જાહેરાત બેનર વિગેરે મુકવા ઉપર નિયંત્રણ રાખવાની જરૂર છે.

ચુંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર માર્ગોની બન્ને બાજુ વાહન વ્યવહારથી ધમધમતા રસ્તા, શેરીઓ, નાકા, જાહેર માલીકીનાં મકાનો વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનરો, રાજકીય આગેવાનોના કટ આઉટ વિગેરે ઉભા કરવામાં આવે છે અને પ્રદર્શિત કરવામાં આવે છે. એજ રીતે તેમાં સરકારી અથવા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના મકાનો તથા વિજળી અને ટેલીફોનનાં થાંભલા જેવી સરકારી મિલ્કતો સહીત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ મકાનો, દરવાજા, જાહેરાત પાટીયા, બેનર, ધજા, પતાકા, ભીંત ચિત્રો વિગેરે ઉભા કરે છે અથવા મુકે છે. એના લીધે ટ્રાફિકની સમસ્યા ઉભી થવા સંભવ છે. રાહદારીઓ માટે અસલામતી વધે છે તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગ્યાઓનો અયોગ્ય રીતે ઉપયોગ થવા સંભવ છે અને તેથી આ માટેની જરૂરી કાર્યવાહી કરવાની જરૂર જણાય છે.

વાસ્તે હું બ્રજેશ કુમાર ઝા (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે, રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં ચૂંટણી હેઠળના વિસ્તારોમાં,

(૧) કોઈપણ રાજકીય પક્ષ અથવા ઉમેદવાર દ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યકિત દ્વારા રાજય સરકાર, નગરપાલિકાઓ અથવા બોર્ડ, નિગમો, પંચાયતોના રસ્તાઓ, માર્ગો, મકાનો અથવા જગ્યાઓ, સરકારી કચેરી, નગરપાલિકા, પંચાયતો અથવા સરકારી બોર્ડ નિગમ હસ્તકની જગ્યાઓ પર સમાચાર, બોર્ડ અથવા જાહેર નોટીસ ન હોય એવા કોઈ પણ પ્રકારના કટ આઉટ જાહેરાત પાટીયા, પોસ્ટર, ધજા, પતાકા, બેનર્સ મુકી શકશે નહી કે દિવાલો ઉપર ચિત્રો દોરાવી શકાશે નહી કે કમાનો દરવાજા વિગેરે ઉભા કરી શકશે નહી.

(૨) કોઈપણ રાજકીય પક્ષ અથવા ઉમેદવાર દ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યકિતઓ દ્વારા કોઈ પણ ખાનગી મિલ્કત ઉપર રાજકીય નેતાઓના કટઆઉટ, જાહેરાત પાટીયા, બેનર્સ વગેરે તે જગ્યાના માલિકની પુર્વ મંજુરી વગર મુકી શકાશે નહી.

**: શિક્ષા :**

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે રાજકોટ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ

પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**: અમલવારીનો વિસ્તાર અને સમયગાળો :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારમાં આ હુકમ જાહેરનામાની તારીખથી તા. ૨૮-૦૪-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તેમજ રાજકોટ શહેરના પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરાવવી.

આજ રોજ તા. ૦૭-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૦૭ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

## ધાર્મિક સ્થળો અંગેનું જાહેરનામું

### ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

### હુકમ

ક્રમાંક : એસબી/જાહેરનામું/૨૭/૨૦૨૬.-રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા. ૦૧-૦૪-૨૦૨૬ ની અખબાર યાદી ક્રમાંક : ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૪૨૦/ક-૯૬૪૭ થી ૯૭૬૧ થી રાજયની ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો તથા ૨૬૦ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તેમજ ૧૧ નગરપાલિકાઓ પ્રસંગોપાત ખાલી પડેલ ૧૩ બેઠકોની પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે. તથા રાજ્ય ચૂંટણી આયોગના તા. ૦૧-૦૪-૨૦૨૬ના પરિપત્ર ક્રમાંક : ઈએલસી-સીઓસી-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯ થી ચૂંટણી જાહેર થયેલ વિસ્તારમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. જે મુજબ શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/ વહીવટી તંત્ર દ્વારા/કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે સંબંધિતોએ રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : ઈએલસી-સીઓસી-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯ તા. ૦૧-૦૪-૨૦૨૬ મુજબ આદર્શ આચારસંહિતાનો અમલ કરવાનો થાય છે.

સદરહું ચૂંટણી કાર્યક્રમ મુજબ અત્રેના રાજકોટ શહેરમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ યોજાનાર છે અને તે મુજબ મતદાન તા. ૨૬-૦૪-૨૦૨૬ રવિવાર સવારના ૦૭-૦૦ વાગ્યાથી સાંજના ૧૮-૦૦ વાગ્યા સુધી રાખવામાં આવેલ છે. તથા મતગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ નિયત થયેલ છે.

અગાઉની ચૂંટણી દરમ્યાનના અનુભવો ધ્યાનમાં લેતાં જણાય છે કે, આ વખતની ચુંટણી દરમ્યાન પણ હિંસક બનાવો બને તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને બગાડવાના કૃત્યો થાય તેવી શકયતા રહે છે. મુકત અને ન્યાયી ચુંટણી થાય તે માટે તેમજ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતી રહે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે જરૂરી છે.

ચુંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સમર્થકો, ચુંટણી પ્રચાર ઝુંબેશ માટે તમમ પ્રકારના સાધનો મિલકતો સ્થળોનો ઉપયોગ કરી ચૂંટણી પ્રચાર કરે છે. આવા ચૂંટણી પ્રચાર વખતે ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેરે સહિત મંદીરો, મસ્જીદો, ચર્ચ, ગુરૂદ્વારા અથવા કોઈપણ પ્રકારના પ્રાર્થના સ્થળનો ચુંટણી પ્રચાર માટે ઉપયોગ કરવામાં આવે તો કોમી સંવાદીતા ખોરવાવાની અને તંગદીલી ઉભી થવાની શકયતા રહે છે જેની સીધી અસર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી ઉપર પડવાની શકયતા રહે છે.

ભારતનાં ચુંટણી આયોગે ધી રીલીજીયસ ઈન્સ્ટીટયુસન્સ (પ્રિવેન્શન ઓફ મીસ યુઝ) એકટ-૧૯૮૮ ની જોગવાઈઓને ટાંકીને આપેલ આદેશ ક્રમાંક : ૩/૧/૨૦૧૨/એસડીઆર, તા. ૨૭-૦૧-૨૦૧૨ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજયના પત્ર ક્રમાંક : ઈએલસી/૧૦૨૦૧૨-૫૪૬-છ, તા. ૧૪-૦૮-૨૦૧૨ થી આપેલ સુચના મુજબ ચુંટણી સમયે ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેરે સહિત મંદીરો, મસ્જીદો, ચર્ચ, ગુરૂદ્વારા અથવા કોઈપણ પ્રકારના પ્રાર્થના સ્થળનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ નહી કરવા માટે આદેશ કરેલ છે.

જેથી ચુંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સમર્થકો દ્વારા ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેરે સહિત મંદિરો, મસ્જીદો, ચર્ચ, ગુરૂદ્વારા અથવા કોઈ પણ પ્રકારના પ્રાર્થના સ્થળનો ચુંટણી પ્રચાર માટે ઉપયોગ થઈ ન શકે તે માટે રાજકોટ શહેર કમિશ્નરેટ વિસ્તારમાં સદરહુ બાબત ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું બ્રજેશ કુમાર ઝા (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, ઉકત જાહેર કરવામાં આવેલ ચુંટણી હેઠળના રાજકોટ પોલીસ કમિશ્નરેટ વિસ્તારોમાં,

(૧) કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સમર્થકોએ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન ભાષણો, પોસ્ટરો, સંગીત વગેરે સહીત, મંદીરો, મસ્જીદો, ચર્ચ, ગુરૂદ્વારા જેવા ધાર્મિક સ્થળો/સંસ્થાઓ અથવા કોઈપણ પ્રકારના પ્રાર્થના સ્થળોનો ચુંટણી પ્રચાર માટે ઉપયોગ કરવો નહી.

**: શિક્ષા :**

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે રાજકોટ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**: અમલવારીનો વિસ્તાર અને સમયગાળો :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારમાં આ હુકમ જાહેરનામાની તારીખથી તા. ૨૮-૦૪-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ

સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તેમજ રાજકોટ શહેરના પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરાવવી.

આજ રોજ તા. ૦૭-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૦૭ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

## ચૂંટણી લાઉડ સ્પીકર અંગેનું જાહેરનામું

### ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

### હુકમ

ક્રમાંક : એસબી/જાહેરનામું/૨૮/૨૦૨૬.-રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા. ૦૧-૦૪-૨૦૨૬ ની અખબાર યાદી ક્રમાંક : ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૪૨૦/ક-૯૬૪૭ થી ૯૭૬૧ થી રાજયની ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો તથા ૨૬૦ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તેમજ ૧૧ નગરપાલિકાઓ પ્રસંગોપાત ખાલી પડેલ ૧૩ બેઠકોની પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે. તથા રાજ્ય ચૂંટણી આયોગના તા. ૦૧-૦૪-૨૦૨૬ના પરિપત્ર ક્રમાંક : ઈએલસી-સીઓસી-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯ થી ચૂંટણી જાહેર થયેલ વિસ્તારમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. જે મુજબ શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/ વહીવટી તંત્ર દ્વારા/કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે સંબંધિતોએ રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : ઈએલસી-સીઓસી-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯ તા. ૦૧-૦૪-૨૦૨૬ મુજબ આદર્શ આચારસંહિતાનો અમલ કરવાનો થાય છે.

ચુંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સમર્થકો ચુંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા ભાગે કરે છે. જે ફકત નિયત મંચ કે સભા સ્થળ ઉપરાંત ચુંટણી પ્રચાર માટે ફરતા વાહનો ઉપર પણ લગાડી શહેર, મહોલ્લા, ગામો, ગલીઓમાં ફેરવવામાં આવે છે. જેનાં કારણે અવાજનું પ્રદુષણ, ઘોંઘાટના કારણે અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ, વૃધ્ધો, અશકત અને બીમાર વ્યકિતઓને ત્રાસરૂપ થાય છે. જેથી ચુંટણી પ્રક્રિયા દરમ્યાન લાઉડ સ્પીકરનાં ઉપયોગ ઉપર નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું બ્રજેશ કુમાર ઝા (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, ઉકત જાહેર કરવામાં આવેલ ચુંટણી હેઠળના રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં, કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવાર કે તેના કાર્યકરો કે સમર્થકોએ,

(૧) ચુંટણી પ્રચારના કામે યોજાતી સભા/સરઘસ કે રેલીમાં લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૦૮-૦૦ કલાક પહેલાં અને રાત્રીનાં ૨૨-૦૦ કલાક પછી કરવો નહિ.

(૨) ચુંટણી પ્રચારના કામે વાહન ઉપરના સ્ટેટીક અથવા માઉન્ટેડ/ લગાડેલ ફરતા લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૦૮-૦૦ કલાક પહેલાં અને રાત્રીના ૨૨-૦૦ કલાક પછી કરવો નહિ.

(૩) સક્ષમ અધિકારીએ પરવાનગી આપેલ હોય તે સિવાય કોઈપણ સ્થળે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહિ. સક્ષમ અધિકારીએ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આપેલ પરવાનગીમાં સ્પષ્ટ નિર્દેસ કરેલ ન હોય તો પણ લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૦૮-૦૦ કલાક પહેલા અને રાત્રીના ૨૨-૦૦ કલાક પછી કરી શકાશે નહિ.

(૪) કોઈપણ મતદાર વિસ્તારમાં મતદાન પૂર્ણ થયાના અગાઉના ૪૮ કલાકની મુદત દરમ્યાન પ્રચાર પર પ્રતિબંધ હોય લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકાશે નહી.

**: શિક્ષા :**

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે રાજકોટ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**: અમલવારીનો વિસ્તાર અને સમયગાળો :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારમાં આ હુકમ જાહેરનામાની તારીખથી તા. ૨૮-૦૪-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તેમજ રાજકોટ શહેરના પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરાવવી.

આજ રોજ તા. ૦૭-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૦૭ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

## ચૂંટણી સભા સરઘસ અંગેનું જાહેરનામું

### ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

### હુકમ

ક્રમાંક : એસબી/જાહેરનામું/૨૯/૨૦૨૬.-રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા. ૦૧-૦૪-૨૦૨૬ ની અખબાર યાદી ક્રમાંક : ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૪૨૦/ક-૯૬૪૭ થી ૯૭૬૧ થી રાજયની ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો તથા ૨૬૦ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તેમજ ૧૧ નગરપાલિકાઓ પ્રસંગોપાત ખાલી પડેલ ૧૩ બેઠકોની પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે. તથા રાજ્ય ચૂંટણી આયોગના તા. ૦૧-૦૪-૨૦૨૬ના પરિપત્ર ક્રમાંક : ઈએલસી-સીઓસી-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯

થી ૯૫૪૯ થી ચૂંટણી જાહેર થયેલ વિસ્તારમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. જે મુજબ શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/ વહીવટી તંત્ર દ્વારા/કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે સંબંધિતોએ રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : ઈએલસી-સીઓસી-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯ તા. ૦૧-૦૪-૨૦૨૬ મુજબ આદર્શ આચારસંહિતાનો અમલ કરવાનો થાય છે.

સદરહું ચૂંટણી કાર્યક્રમ મુજબ અત્રેના રાજકોટ શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારમાં યોજાનાર છે અને તે મુજબ મતદાન તા. ૨૬-૦૪-૨૦૨૬(રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યાથી સાંજના ૦૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે. તથા મતગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ નિયત થયેલ છે. આ ચુંટણીમાં ઉમેદવારો તથા રાજકીય પક્ષો તરફથી ચુંટણી પ્રચાર માટે જાહેરસભાઓ તથા સરઘસો યોજાનાર છે. જેથી જાહેર સુલેહશાંતિ જાળવવા સારૂ સભા/સરઘસ ઉપર યોગ્ય પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું નરસિમ્હા કોમાર (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ઉકત જાહેર કરવામાં આવેલ ચૂંટણી હેઠળના રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં,

(૧) કોઈપણ વ્યકિત/વ્યકિતઓએ આ હુકમની તારીખથી તા. ૨૯-૦૪-૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન (બન્ને દિવસો સહીત) સક્ષમ અધિકારીની પરવાનગી વિના ચાર કે તેથી વધુ વ્યકિતઓએ ભેગાં થવું નહીં, કોઈ સભા કરવી કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહીં.

(૨) કોઈ પણ રાજકીય પક્ષ કે ઉમેદવારો દ્વારા સભા કે સરઘસનું આયોજન કરતા પહેલા સક્ષમ અધિકારીની પરવાનગી મેળવવાની રહેશે.

(૩) ઉમેદવાર ઉમેદવારી પત્રો ભરવા કે ઉમેદવારી પત્રોની ચકાસણીમાં આપવા કે ચુંટણી પ્રતિકની ફાળવણીની પ્રક્રિયામાં હાજરી આપવા માટે ચુંટણી અધિકારીશ્રીની કચેરીમાં જાય ત્યારે મોટા સરઘસ સ્વરૂપે જવું નહી.

(૪) જયાં એક પક્ષે સભા યોજી હોય એવા સ્થળોએ બીજા પક્ષે સરઘસ લઈ જવું નહી તેમજ ખલેલ પહોંચાડવી નહી.

(૫) ચૂંટણીના સરઘસ અને રેલીમાં સ્થાનિક કાયદા અને અમલમાં હોય તે પ્રતિબંધક હુકમને આધિન ધ્વજ બેનર્સ કે કટ આઉટ રાખી શકાશે. આવા સરઘસમાં પક્ષે ઉમેદવારે પુરા પાડેલ ટોપી માસ્ક સ્કાર્ફ વગેરે પહેરી શકશે. પરંતુ પક્ષે પુરા પાડેલ સાડી/શર્ટ જેવા મુખ્ય વસ્ત્રો પહેરી શકાશે નહી.

(૬) સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ ગુ.રા. ગાંધીનગરના તા. ૧૭-૧૧-૨૦૨૧ ના ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક અન્વયે કોઈ જાહેર સભા, સરઘસ, સામાન્ય પ્રચાર માટે ફરતા વાહનો અથવા અન્યથા ઉપયોગમાં લેવાતા વાહનો ઉપર લાઉડ સ્પીકરના ઉપયોગ માટે સંબંધિત ચૂંટણી અધિકારીની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે.

**: પરંતુક :**

(૧) ચુંટણી પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ શરૂ થયા બાદ એટલે કે મતદાન પુરૂ થવાના કલાક સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન ચુંટણી પ્રચાર માટે ઘેર ઘેર મુલાકાત લેતી વખતે એક સાથે વધુમાં વધુ પાંચ વ્યકિત જઈ શકશે.

(૨) ચુંટણી પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ શરૂ થયા બાદ એટલે કે મતદાન પુરૂ થવાના કલાક સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન ચુંટણી પ્રચાર પક્ષના કાર્યકરો/નેતાઓ જેના પર પક્ષનું પ્રતિક હોય તેવી ટોપી/મફલર પહેરી શકશે પરંતુ બેનર પ્રદર્શીત કરી શકશે નહી.

લગ્નના વરઘોડા, સીનેમામાં, ટાઉન હોલમાં, સ્મશાન યાત્રામાં, એસ.ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી માટે, નવરાત્રી ઉત્સવ ઉજવણી માટે કે મંદિર, મસ્જિદ કે દેવળમાં પ્રાર્થન માટે શુધ્ધ આશયથી જતી વ્યકિતઓને લાગુ પડશે નહી.

**: શિક્ષા :**

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે રાજકોટ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**: અમલવારીનો વિસ્તાર અને સમયગાળો :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારમાં આ હુકમ જાહેરનામાની તારીખથી તા. ૨૮-૦૪-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તેમજ રાજકોટ શહેરના પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરાવવી.

આજ રોજ તા. ૦૭-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૦૭ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

## ડ્રાય ડે અંગેનું જાહેરનામું

### ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ની કલમ-૧૪૨ અન્વયે કાઢેલ

### હુકમ

ક્રમાંક : એસબી/જાહેરનામું/૩૦/૨૦૨૬.-રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા. ૦૧-૦૪-૨૦૨૬ ની અખબાર યાદી ક્રમાંક : ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૪૨૦/ક-૯૬૪૭ થી ૯૭૬૧ થી રાજયની ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો તથા ૨૬૦ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તેમજ ૧૧ નગરપાલિકાઓ પ્રસંગોપાત ખાલી પડેલ ૧૩ બેઠકોની પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે. તથા રાજ્ય ચૂંટણી આયોગના તા. ૦૧-૦૪-૨૦૨૬ના પરિપત્ર ક્રમાંક : ઈએલસી-સીઓસી-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯

થી ૯૫૪૯ થી ચૂંટણી જાહેર થયેલ વિસ્તારમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. જે મુજબ શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/વહીવટી તંત્ર દ્વારા/કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે સંબંધિતોએ રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : ઈએલસી-સીઓસી-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯ તા. ૦૧-૦૪-૨૦૨૬ મુજબ આદર્શ આચારસંહિતાનો અમલ કરવાનો થાય છે.

જે ચૂંટણીમાં મતદારો નિર્ભયપણે પોતાનો મતાધિકારનો ઉપયોગ કરી શકે તથા ઉમેદવારો કે રાજકીય પક્ષોના તરફથી મતદારોને પ્રલોભન રૂપે દારૂ તેમજ નશાયુકત પદાર્થ આપે નહીં અને ચુંટણીનું કામ નિષ્પક્ષ રીતે પાર પડે તે માટે શહેરમાં આવેલી કેફી પદાર્થોનું વેચાણ કરતી દુકાનો (લીકરશોપ) હોટલો રેસ્ટોરન્ટ, કલબો તથા બીજી સંસ્થાઓને દારૂનું વેચાણ કરવા સામે તા. ૨૪-૦૪-૨૦૨૬ ના રોજ ૧૭-૦૦ કલાકથી તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ ૧૯-૦૦ કલાક સુધી અને જો પુનઃ મતદાન થાય તો પુન : મતદાનનો દિવસ તા. ૨૭-૦૪-૨૦૨૬ તેમજ તા. ૨૮-૦૪-૨૦૨૬ ના રોજ ૦૦-૦૦ કલાક થી ૨૪-૦૦ કલાક સધી મતગણતરીના દિવસને ‘‘ડ્રાય ડે’’ તરીકે જાહેર કરવાનું મને જરૂરી જણાયું છે.

વાસ્તે હું બ્રજેશ કુમાર ઝા (IPS), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર ગુજરાત પ્રોહીબીશન અધિનિયમ-૧૯૪૯ની કલમ-૧૪૨(૧) તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ઉકત જાહેર કરવામાં આવેલ ચૂંટણી હેઠળના રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં, સમાવિષ્ટ તમામ મતદાર વિભાગોમાં આવેલ,

(૧) દુકાન, હોટલ, રેસ્ટોરન્ટ, કલબ વગેરેને,

(૨) કલબ, સ્ટાર હોટલ, રેસ્ટોરન્ટ અને હોટલ જેઓને દારૂ રાખવાનું અને પુરો પાડવાનું લાયસન્સ આપવામાં આવેલ હોય,

(૩) વ્યકિતગત દારૂનો ઉપયોગ કે સંગ્રહ કરવા પરમીટ આપેલ હોય તેવી વ્યકિતઓને.

તા. ૨૪-૦૪-૨૦૨૬ ના રોજ ૧૭-૦૦ કલાકથી તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ ૧૯-૦૦ કલાક સુધી અને જો પુનઃમતદાન થાય તો પુનઃમતદાનનો દિવસ તા. ૨૭-૦૪-૨૦૨૬ તેમજ તા. ૨૮-૦૪-૨૦૨૬ ના રોજ ૦૦-૦ કલાક થી ૨૪-૦૦ કલાક સુધી મતગણતરીના દિવસ સુધી દારૂ વેચાણ કરવા/પીરસવા પર પ્રતિબંધ ફરમાવું છું અને આ સમયગાળાને ‘‘ડ્રાય ડે’’ તરીકે જાહેર કરવા હુકમ કરૂ છું.

**: શિક્ષા :**

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે પ્રોહીબીશન કાયદા ઉપરાંત ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ ની કલમ-૬૮ તથા ૯૦ ની જોગવાઈ મુજબ તેમજ લોકપ્રતિનિધિત્વ સુધારા અધિનિયમ ૧૯૯૬ દ્વારા દાખલ કરવામાં આવેલ લોકપ્રતિનિધિત્વ સુધારા અધિનિયમ ૧૯૫૧ની ૧૩૫ તથા ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાત્મક કાર્યવાહીને પાત્ર ઠરશે.

આ હુકમ અન્વયે રાજકોટ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**: અમલવારીનો વિસ્તાર અને સમયગાળો :**

